**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૬ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૭૧ ટકા

# ગાંધીનગર શહેર મા નર્મદાને વંદે છે



## આજે 'નમામિ દેવી નર્મદે' ઉત્સવની ઉજવણીમાં ગાંધીનગરમાં ભારે ઉમંગ અને ઉત્સુકતા શહેરના અગ્રણીઓ મા નર્મદાને ગુજરાતની જીવાદોરી આલેખતા ગદગદિત છે

**ગુજરાતની જીવાદોરી સમા નર્મદા ડેમે ૭૦ વર્ષમાં સૌ પ્રથમવાર ૧૩૮ મીટરની ઐતિહાસિક સપાટી પાર કરી છે. ગુજરાતની જનતા સાથે શહેરીજનો અને ખેડૂતોમાં ભારે ખુશી જોવા મળી રહી છે. આ ઉપરાંત સંત સરોવરની સપાટી લગભગ ૯૧ ટકા ઉંચે આવી છે જેનાથી શહેરીજનોમાં હર્ષોલ્લાસની લાગણી વર્તાઈ રહી છે. જે સંદર્ભે શહેરના અગ્રણીઓ ખુશી પ્રગટ કરી રહ્યા છે.**

●●●

નર્મદા એટલે ગુજરાતની જીવાદોરી, આપણા આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ



વડાપ્રધાન બન્યા બાદ સૌ પ્રથમ સરદાર સરોવર ડેમના દરવાજાની ઊંચાઈ વધારવાની મંજુરી લઈ આવ્યા હતા. આજે આ ડેમ ૧૩૮ મીટરથી વધારે ઊંચાઈએ પહોંચી ઐતિહાસિક ઘટના રચી છે ત્યારે આદરણીય નરેન્દ્રભાઈ તેમના ૭૦માં જન્મદિને ગુજરાતમાં આવી કેવડીયા કોલોનીએ નર્મદાના નીરને વધામણા દેવાના છે તથા ગુજરાતની સર્વે જનતા પણ વધામણા આપવાની છે. ગાંધીનગરમાં પણ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૯.૩૦ કલાકે સંત સરોવર કાંઠે શહેરની સમગ્ર જનતાને નર્મદાના નીરને વધામણા આપવા હાજર રહેવા આમંત્રણ આપું છું.

**- રીટાબેન પટેલ, મેયર**

●●●

સ્વગત ભારતરત્ન



સરદાર વલ્લભભાઈ પટેલનું સપનું, વડાપ્રધાન રાજીવગાંધીનું એન્વયારમેન્ટલ કલીયરન્સ, પૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંઘ ભારતની પહેલી એવી યોજના જેના માટે પ્રધાનમંત્રી ગેરન્ટર હતા તેનું આજે જયારે સ્વપ્ર સાકાર થઈ રહ્યું છે ત્યારે ગર્વ સાથે હર્ષની લાગણી થાય તે સ્વાભાવિક વાત છે. આજે આ યોજનામાં જે કોઈનું પણ યોગદાન છે તે સર્વને મારા વંદન.

**- નિશીત વ્યાસ, કોંગ્રેસ આગેવાન**

●●●

નર્મદા ડેમનો પાયો ૫ એપ્રિલ ૧૯૬૧ના દિવસે નંખાયો ત્યારે હું હાજર હતો તે પછી તબક્કાવાર ડેમનું જયારે જયારે બાંધકામ થયું ત્યારે મારી હાજરી હતી. ડેમ છલકાવાનો આજે મને આનંદ છે. પાણી વધ્યું તો છે તેનો બગાડ ન થવો જોઈએ તથા ડેમ બનાવવા માટે ઘણા લોકોની જમીન અને મિલકત ગઈ છે તેમને યાદ કરવાનો આ અવસર છે.

**- અરૂણ બુચ, નગરના**



**અગ્રણી**

●●●

નર્મદાનું પાણીએ પારસ



છે તો તેને પારસની જેમ જ રાખવું જોઈએ. તેને જાળવવું તેનો બગાડ અટકાવવો જોઈએ. નર્મદા યોજના ૭૦ વર્ષ પછી સાકાર થઈ છે તેનો આનંદ બધાની જેમ મને પણ છે. જો બનાસકાંઠાના ખેડૂતોની જેમ આપણે ત્યાં પણ ટપક સિંચાઈ પધ્ધતિ અપનાવાય તો ૫૦ ટકા પાણીનો બચાવ થઈ શકે છે.

**- ગૌતમ પુરોહિત, વરિષ્ઠ પત્રકાર**

●●●

નર્મદાના નીરની સપાટી છ ફુટ ઉંચી આવવી. મા નર્મદાના નીર જાણે આપણને આશીર્વાદ આપવા આવ્યા. સતત વિકાસશીલ ગુજરાત અને ભારતનું નામ વિશ્વ સ્તરે અંકિત થાય છે. વૈશ્વિક પ્રગતિને કારણે અને ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્ર મોદીને રાષ્ટ્ર વિકાસ અર્થે થયેલ પ્રગતિથી ખુશ થઈ 'મા' નર્મદા સ્વયં આશીર્વાદ આપતા હોય તેવું લાગે છે. ગુજરાતની જીવાદોરી સમાન મા નર્મદાને વંદન.



**- અર્પિત ક્રિશ્ચિયન, પ્રિન્સીપાલ એમ.વી. પટેલ હાઈસ્કૂલ**

●●●

સરદાર સરોવર નર્મદા ડેમની ૧૩૮.૬૮ મીટરની ઐતિહાસિક જળસપાટી પહોંચી છે. સમગ્ર ગુજરાતની જીવાદોરી સમાન મા નર્મદાના નીર ગુજરાતના ગામડે ગામડે હરિયાળી સર્જવામાં અને ત્યાંની પ્યાસ બુઝાવે છે. આ કાર્યનું શ્રેય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ફાળે જાય છે. ગુજરાતના તમામ જળાશયો જો નર્મદાના જળથી ભરવાનો ભગીરથ પ્રયાસ પણ



એક મોટી સિધ્ધી સમાન છે. વ્યર્થ વેડફાઈ જતા નર્મદાના નીરને કેનાલથી ગામડાના જળાશયોમાં ભરીને જળ સ્ત્રોતને ઉપર લાવવાનો આ ક્રાંતિકારી નિર્ણય કૃષિ ક્ષેત્ર માટે આશીર્વાદ સમાન પુરવાર થાય છે.

**- ભીખુદાન ગઢવી, જાણીતા લોકસાહિત્યકાર**

# નિસર્ગ સાયન્સ સેન્ટર અને ગાંધીનગર મહાનગર પાલિકાના સયુંકત ઉપક્રમે 'ઓઝોન દિન -૨૦૧૯' ઉજવાયો




૨૧ મી સદીની વૈશ્વિક સમસ્યાઓમાં ઓઝોન પડ પાતળું થવું એ પણ એક મોટી સમસ્યા છે. સૂર્યમાંથી આવતા પારજાંબલી કિરણો પૃથ્વીની સપાટી પર ૧૫ થી ૫૦ કિલોમીટર સુધી આવેલા ઓઝોન પડમાં સોસાઈ જય છે જેના કારણે પૃથ્વી પરની જીવંત સૃષ્ટિનું રક્ષણ થાય છે. સૂર્યમાંથી આવતા આ કિરણો જો પૃથ્વી પર સીધા આવે તો આપણે ચામડીના વિવિધ રોગો તથા કેન્સર થવાની શક્યતા રહે છે. ભારત સહિતના દીર્ઘ દ્રષ્ટિ વાળા ૯૩ દેશોએ ૧૬ સપ્ટેમ્બર ૧૯૮૭ ના રોજ મોન્ટ્રીઅલ કરાર સહી કરીને આ દિશામાં ચોકસ પગલા લઈ જન-જાગૃતિ કેળવવા પ્રયત્નો શરુ કર્યા જેના ભાગ રૂપે ૧૬ સપ્ટેમ્બરને આંતરાષ્ટ્રીય ઓઝોન પડ જાળવણી દિન તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ વર્ષની થીમ **'32 YEARS AND HEALING'** રાખવામાં આવેલ છે. સમગ્ર વિશ્વમાં આ થીમ આધારિત જન-જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવશે.

ગુજકોસ્ટ પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર તથા ગાંધીનગર મહાનગર પાલિકાના સયુંકત ઉપક્રમે શ્રી સ્વામીનારાયણ પોલીટેકનીક ખાતે એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ માટે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે રીટાબેન પટેલ, મેયરશ્રી, ગાંધીનગર મહાનગર પાલિકા, નાજાભાઈ ઘાઘર, ડેપ્યુટી મેયર, ગાંધીનગર મહાનગર પાલિકા, નરેશ ઠાકર, પૂર્વ. પી.આર.ઓ.જી.પી.સી.બી., ગાંધીનગર. ડૉ.અનીલ કે પટેલ, મેં. ટ્રસ્ટી, નિસર્ગ સાયન્સ સેન્ટર તથા ધર્મેશ વન્દ્રા, ડાયરેક્ટર, શ્રી સ્વામીનારાયણ પોલીટેકનીક, ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા.

રીટાબેન પટેલે તેમના પ્રાસંગિક પ્રવચનમાં આપણા લોક લાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરુ કરવામાં આવેલ પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાન અંતર્ગત આપણા ગાંધીનગર શહેરને પણ પ્લાસ્ટિક મુક્ત કરી સ્વચ્છ હરિયાળું બનાવવાની વિદ્યાર્થીઓને હાકલ કરી હતી. તેમણે નગરજનોને સ્વેચ્છાએ આ અભિયાનમાં જોડાઈને સ્વચ્છ ભારત બનાવવામાં પોતાનો સહયોગ આપવાની વાત કરી હતી. નાજાભાઈ ઘાંઘારે વિદ્યાર્થીઓને ઓઝોન વાયુની અસરોથી બચવા માટે વધુમાં વધુ વૃક્ષો વાવી તેના જતન કરવાની સલાહ આપી હતી તેમજ ગાંધીનગર શહેર સમગ્ર ભારતમાં ગ્રીન સીટી બની રહે તે માટેના પ્રયત્નો કરવાની વાત મૂકી હતી.

ડૉ.અનીલ પટેલે તેમના વકતવ્યમાં ઓઝોન વાયુની અસરથી થતા વિવિધ રોગો વિષે તથા **ODS** રસાયણો અને **CFC** ગેસ વિષે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. નરેશભાઈ ઠાકરે તેમના વક્તવ્યમાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત પ્લાસ્ટીક કચરાના વ્યવસ્થાપન વિષે વિષેશ માહિતી આપી હતી. તથા પ્લાસ્ટિકના કચરામાંથી બનતી વસ્તુઓની જેવીકે ફર્નીચર, બેંચ, બારી-બારણા વગેરેની પણ ચર્ચા કરી હતી. શ્રી સ્વામીનારાયણ પોલીટેકનીકના ડાયરેક્ટર ધર્મેશ વન્દ્રા એ તેમના વક્તવ્યમાં ઓઝોન પડના રક્ષણ માટે વિદ્યાર્થીઓને તેમની ભૂમિકા વિષે વિગતવાર ચર્ચા કરી હતી.

શ્રી સ્વામીનારાયણ પોલીટેકનીકના ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને ઓઝોન વિષયક સાહિત્ય પણ આપવામાં આવ્યું હતું. પર્યાવરણની જાગૃતિ માટે સ્વચ્છ ભારત અભિયાનની ફિલ્મ પણ દેખાડવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓડીનેટર હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે જહેમત ઉઠાવી હતી.

# શહેરના માર્ગો પર વાહનો કરતા ઢોર વધુ



ગાંધીનગર, તા.૧૬

ટ્રાફિક નિયમન, સંદર્ભે આજથી આકરો દંડ વસુલવાની શરૂઆત કરવામાં આવી છે ત્યારે શહેરીજનોમાં આ અંગે જાગૃતિ આવે તે માટે તંત્ર દ્વારા પ્રયાસ હાથ ધરાયા છે ત્યારે એકબાજુ ડ્રાઈવ સેફ અભિયાન ચાલે છે ને બીજી બાજુ શહેરના રસ્તાઓ ખાલી જ નથી. સરકાર જયારે ટુ વ્હીલર સુરક્ષિત રીતે ચલાવવાની વાત કરે છે ત્યારે શું શહેરના રસ્તા સુરક્ષિત છે? નગરના દરેક સર્કલ, દરેક સેકટર, સોસાયટીની બહાર કે રસ્તા ઉપર ઢોરનો ત્રાસ છે ગમે ત્યાં હરતા ફરતા કે બેસેલા ઢોરથી શહેરીજનો હેરાન પરેશાન છે.

શહેરમાં ટ્રાફિક નિયમના પાલનના નારા વાગી રહ્યા છે ત્યારે શહેરીજનો હેલ્મેટ તો ખરીદશે પરંતુ શું તેઓ સુરક્ષિત છે ખરા? શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ દિવસેને દિવસે વધતો જાય છે. ઢોર રસ્તામાં ગાડીની આગળ અચાનક આવી જાય છે. ટુ વ્હીલર ચલાવતા રસ્તામાં આડા બેઠેલા ઢોર જોતા અચાનક બ્રેક મારવી પડે છે અને જેના લીધે એકિસડન્ટ થવાનો ભય રહે છે.

શહેરમાં વાહનો કરતા તો ઢોર વધુ ફરે છે. સરકાર જો ટ્રાફિક નિયમો લાગુ કરતી હોય તો તેમણે શહેરમાં રોડ સેફટીના પરિબળોને પણ ધ્યાનમાં લેવા જોઈએ. મુખ્ય મુદ્દો હાલ શહેરમાં રસ્તા વચ્ચે અડીંગો જમાવેલ રસ્તા વચ્ચે બેઠેલા ઢોર છે. શહેરમાં પહેલા વાહનોની સુરક્ષિત અવરજવર થઈ શકે તે મુખ્ય વાત છે. ઘરમાંથી નીકળતું વાહન ઘર પાસેથી જ આડે આવતા રસ્તામાં દરેક જગ્યાએ ઢોરને ઓળંગતું નિશ્ચિત જગ્યાએ પહોંચી શકે છે. ઢોર રસ્તા વચ્ચે બેસતા કે આડે આવતા ઘણીવાર ટ્રાફિક જામ થઈ જાય છે જેને લીધે સમયસર કયાંય પહોંચી શકાતું નથી.

ગાંધીનગર કોર્પોરેશન પ્રજા પાસેથી ટેકસ વસુલે છે પરંતુ સફાઈ અને રખડતા ઢોર જેવા સામાન્ય અને પાયાના પ્રશ્નો ઉકેલવા માટે પગલા કેમ લેતી નથી? જેને લીધે દરરોજ સમસ્યા ઉદભવે છે.

રખડતા ઢોરના પગલે છેવાડાના ગામથી બત્તર દશ્યો શહેરમાં જોવા મળી રહ્યા છે. કદાચ ગામડામાં પણ આટલી વધુ સંખ્યામાં ઢોર જોવા મળતા નહીં હોય, આમ જો ચાલતું જ રહેશે અને સરકાર દ્વારા રખડતાં ઢોરની સમસ્યા અંગે કોઈ પગલા નહીં લેવાય તો પૈડાં પરની જીંદગી જોખમાશે.

# વરસાદી સિઝનના પગલે કુડાસણ વિસ્તારના માર્ગો બિસ્માર

## રિલાયન્સ ચોકડીથી પ્રમુખ એકઝોટિકા સુધીના મુખ્ય માર્ગ ઉપરાંત તેને જોડતા વિસ્તારના આંતરિક માર્ગો પર પણ ખાડા : અનેક જગ્યાએ રોડ તુટી જવાથી વાહન હંકારવું જોખમી



ગાંધીનગર, તા.૧૬

આખરે શહેરમાં વરસાદે વિરામ લીધો છે અને છેલ્લા બે દિવસથી વરસાદ અટકી જવાથી શહેરમાં ઠેર ઠેર પાણીના નાના-મોટા તળાવ-ખાબોચિયાં ભરાયેલા જોવા મળી રહ્યા છે. જેમાં હવે કાદવ કીચડની સમસ્યા માથુ ઉંચકી રહી છે. સતત વરસેલા વરસાદના કારણે ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં બીજી એક સમસ્યા સર્જાવા પામી છે અને તે છે ડામરના પાકાં રોડ પર પણ ગાબડાં પડી જવા પામ્યા છે જેના કારણે વાહનચાલકો પરેશાનીનો ભોગ બની રહ્યા છે.

શહેરના ઘ-૦થી રિલાયન્સ ચોકડી પછી કુડાસણ તરફ જતો રોડ વરસાદી સીઝનમાં તુટી જવા પામ્યો છે અને ઠેર ઠેર નાના-મોટાં ગાબડા પડી જવા પામ્યા છે એક તો આ માર્ગ પર આમ પણ ટ્રાફિક જામની સમસ્યા પહેલેથી વકરેલી છે તેવી સ્થિતિમાં રોડ પણ બિસ્માર બનતા આ વિસ્તારના વાહનચાલકોને અહીંથી પસાર થવામાં ઠંકડવાળા વાતાવરણમાં પણ પરસેવો છુટી રહ્યો છે. રિલાયન્સ ચોકડીથી પ્રમુખ એકઝોટિકા તરફના આ મુખ્ય રોડ ઉપરાંત તેને જોડતાં અન્ય એપ્રોચ માર્ગો જેવા કે કાનમ રેસીડેન્સી આગળથી પસાર થતો રોડ, શિવાલય રેસિડેન્સી તરફથી સહજાનંદ સીટી તરફનો માર્ગ અને રિલાયન્સ ચોકડીથી રાધે કોમ્પ્લેક્ષથી શરૂ થતો સર્વિસ રોડ, આ ઉપરાંત ગાંધીનગર-કોબા સર્વિસ રોડ પર આવેલ રાધે રેસીડેન્સીથી દિવ્યજીવન ઔરા તરફ જવાના રોડ પર પણ ખાડા પડી ગયા છે. આમ આ તમામ માર્ગો પર રોડ અનેક જગ્યાએથી તુટી જવાની, રોડ પરનો ડામર ધોવાઈ જઈને કપચી-કાંકરા બહાર આવી જવાની અથવા નાના-મોટા ખાડાં પડી જવાની સ્થિતિ સર્જાવા પામી છે. વળી ખાડાઓમાં વરસાદી પાણીનો ભરાવ થયો હોવાથી વાહનચાલકોને ખાડો કેટલો ઊંડો છે તેનો અંદાજો પણ આવી શકતો નથી જેના પગલે ટુ વ્હિલર ચાલકો ઉપરાંત ફોર વ્હિલર ચાલકો પણ ત્રાસજનક સ્થિતિ અહીંથી પસાર થતા અનુભવી રહ્યા છે. આ વિસ્તારના કેટલાક નાગરિકોના જણાવ્યા મુજબ આ તમામ માર્ગોના નિર્માણને હજુ એટલો સમય થયો નથી કે રોડની હાલત આવી બિસ્માર થઈ જાય, આમ છતાં આ સર્જાયેલી પરિસ્થિતિ રોડની ગુણવત્તા પર સવાલો ઉભા કરી રહી છે. હાલ તો આ તમામ માર્ગનું સત્વરે સમારકામ કરવામાં આવે અને રોડ પરના ખાડાનું પુરાણ કરી ફરી ખાડા ન પડે તેવી મરામત કરાય તેવી આ વિસ્તારની જનતામાં માગ પ્રવર્તતી અનુભવાઈ રહી છે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

- **ડ્રીમગર્લ** ૮.૫૫, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૫, ૭.૫૫, ૧૦.૧૫, ૧૦.૪૫
- **સેક્શન ૩૭૫** ૯.૦૦, ૨.૪૦, ૮.૦૫, ૧૦.૪૦
- **બાદશાહ પહેલવાન** ૯.૦૫, ૩.૪૫, ૭.૦૦
- **હંગામા હાઉસ (ગુજરાતી)** ૫.૧૫
- **ટીચર ઓફ ધ યર (ગુજરાતી)** ૧૧.૩૫
- **છીછોરે** ૯.૩૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
- **સાહો** ૧૨.૨૦, ૩.૫૫
- **મિશન મંગલ** ૯.૪૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

- **ડ્રીમગર્લ** ૮.૫૫, ૯.૫૫, ૧૧.૩૦, ૧૨.૪૦, ૨.૧૫, ૩.૩૦, ૫.૦૫, ૭.૫૫, ૯.૩૫, ૧૦.૪૫
- **સેક્શન ૩૭૫** ૯.૦૦, ૧૧.૨૫, ૪.૪૫, ૧૦.૧૫
- **બાદશાહ પહેલવાન** ૯.૧૦, ૩.૫૦, ૧૦.૩૦
- **ટીચર ઓફ ધ યર (ગુજરાતી)** ૬.૫૦
- **છીછોરે** ૯.૫૦, ૧૨.૫૦, ૩.૫૦, ૭.૨૦, ૧૦.૦૦
- **સાહો** ૧૨.૨૫, ૭.૦૫
- **મિશન મંગલ** ૨.૦૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

- **સેક્શન ૩૭૫** ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
- **છીછોરે** ૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૨૦
- **સાહો** ૧૨.૫૫
- **બાદશાહ પહેલવાન** ૧.૧૦, ૭.૧૦
- **ડ્રીમગર્લ** ૯.૦૦, ૧૦.૦૫, ૧૧.૫૦, ૨.૪૦, ૪.૩૦, ૫.૩૦, ૭.૨૦, ૮.૨૦, ૧૦.૧૦, ૧૧.૧૦

**સિટી પલ્સ, કુડાસણ**

- **ડ્રીમગર્લ** ૪.૦૦, ૧૨.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
- **છીછોરે** ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
- **સેક્શન ૩૭૫** ૧૦.૦૦, ૧૨.૪૫
- **સાહો** ૩.૦૦, ૯.૩૦
- **પહેલવાન** ૬.૩૦
- **ચાલ જીવી લઈએ** ૧૧.૪૫
- **ચાસની (ગુજરાતી)** ૨.૧૫
- **મોન્ટુની બિટ્ટુ (ગુજરાતી)** ૫.૦૦
- **મિશન મંગલ** ૭.૩૦

## શ્રાધ્ધપક્ષમાં સુંદરધામ પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત કથા યોજાશે

સુંદરધામ પરિવાર દ્વારા પિતૃ મોક્ષ અર્થે શિવ ઉપાસક ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે સે-૨૮ દત્ત મંદિર ખાતે તા. ૨૧ સપ્ટેમ્બરથી ૨૭ સપ્ટેમ્બર સુધી બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન શ્રીમદ્ ભાગવત કથા યોજાશે. સુંદરધામ પરિવાર દ્વારા નગરજનોને ખાસ ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## ચક્ષુદાન

ગાંધીનગરના સરગાસણ નિવાસી સ્વ. આકાશ ગિરધરભાઈ પરમારના ચક્ષુઓનું દાન કુટુંબીજન ગિરધરભાઈ પરમારની સંમતિથી કરવામાં આવ્યું છે. આ કાર્યમાં ડૉ. પ્રિયંકા, ડૉ. વેલુ, જુસિકાના કાર્યકર ગણપતભાઈ મકવાણા તથા જીતેન્દ્રભાઈ આરતોડિયા દ્વારા સેવા પુરી પાડવામાં આવી હતી.

## ચિરવિદાય

- સ્વ. પટેલ ગંગાબેન રણછોડભાઈ, ઉ.વ. ૯૨
- સ્વ. પ્રજાપતિ ચુનીબેન સવાજી, ઉ.વ. ૬૯
- સ્વ. ઠાકોર કમુબેન રામસંગજી, ઉ.વ. ૫૦